# સહજાનંદ સ્કૂલ ઑફ ઍચિવરમાં મૂનલાઈટ મસ્તી



શિયાળાની ગુલાબી ઠંડીની લહેરો સાથે ચિલોડા ખાતે કેમ્પ ફાયરની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રથમ બપોરે ૩.૦૦ થી ૬.૦૦ના સમય દરમિયાન વિદ્યાર્થીઓના વાલીઓએ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. ત્યારબાદ સાંજે ૬.૩૦ થી ૯.૦૦ દરમિયાન સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયું, જેમાં સોલો ડાન્સ , ગ્રુપ ડાન્સ અને હેલ્લારો જેવા ગરબાનું આયોજન થયું હતું. ડીનર કર્યા બાદ વિદ્યાર્થીઓએ ડીજે સાથે મુન લાઈટ મસ્તીની મોજ માણી હતી. ટીચર્સ અને વિદ્યાર્થીઓએ તથા શાળા પરિવારના ટ્રસ્ટીઓએ પરિવાર સહિત ઉત્સાહભેર આ વિશિષ્ટ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમની સફળતા બદલ ટ્રસ્ટીઓએ શાળા પરિવારને અભિનંદન પાઠવ્યા હતા.

# ગાંધીનગર ટાઉનહૉલ આજે બાળકોને સમર્પિત રહેશે

## બાળકો માટે નાટકો અને બાળસંસ્થાનું ઉદ્‌ઘાટન

ગાંધીનગર, તા. ૩૧

નવા વર્ષના પ્રથમ દિવસે ગાંધીનગરનો ટાઉનહૉલ બાળકોને સમર્પિત બની રહેશે. બાળકો માટેનાં નાટકો અને બાળકો માટેની સંસ્થાનો આરંભ તો અહીં થઈ જ રહ્યો છે, સાથે સાથે તેજસ્વી બાળકોને સન્માનવાનો કાર્યક્રમ પણ આયોજિત કરવામાં આવ્યો છે.

પ્રેરણા વિદ્યાલય, સૅક્ટર-૫ અને સરસ્વતિ વિદ્યાલય, સૅક્ટર-૬ના ઉપક્રમે નવા વર્ષના પ્રથમ દિવસો તેજસ્વી વિદ્યાર્થીઓનું સન્માન તથા સરસ્વતી વિદ્યાલયને ૩૦ વર્ષ પૂર્ણ થતાં તેની અવિરત કામગીરીની ઝલક પ્રસ્તુત કરતી પુસ્તિકાનું વિમોચન ટાઉનહૉલ ખાતે કરવામાં આવશે.

આ ઉપરાંત બંને શાળાના વિદ્યાર્થીઓ, વાલીઓ, સ્ટાફ માટે જીવરામ જોષી લિખિત બે બાળ નાટકોનું આયોજન પણ નાટ્યકાર હિમાંશુ ભયેચ દ્વારા કરવામાં આવ્યું છે. આ ઉપરાંત વર્ષભર બાળકો માટે કાર્ય કરનારી બાળકો દ્વારા જ સંચાલિત સંસ્થા ‘કિલકિલાટ’નું ઉદ્‌ઘાટન પણ આ કાર્યક્રમ અંતર્ગત થઈ રહ્યું છે.

# સ્વર્ણિમ યુનિ.માં ઊર્જા સંરક્ષણ જાગૃતિ સૅમિનાર





ગાંધીનગર, તા. ૩૧

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, ગાંધીનગરની સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીની ઈલેક્ટ્રીકલ એન્જિનિરીંગ શાખા દ્વારા એક દિવસીય ‘ઉર્જા સંરક્ષણ જાગૃતિ’ વર્કશોપ નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપ માટે ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સીનું સૌજન્ય પ્રાપ્ત થયું હતું. તે સોહમ ટેક્નોલોજીસ, બરોડા દ્વારા આયોજિત કરેલ હતો. આ વર્કશોપમાં ૮૫ થી વધુ ઈલેક્ટ્રીકલ, મિકેનિકલ અને ઓટોમોબાઈલ એન્જિનિરીંગના વિદ્યાર્થીઓ અને શિક્ષક મિત્રો એ ખુબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

મુખ્ય વક્તા તરીકે ભાસ્કર રાવલ, ભૂતપૂર્વ ચીફ એન્જિનિયરીંગ, ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કંપની તથા ભૂતપૂર્વ ચીફ ઈલેક્ટ્રીકલ ઈન્સ્પેક્ટર અને રાજેન્દ્ર પંડ્યા, ભૂતપૂર્વ સીનીયર પ્રોજેક્ટ એક્ઝિક્યુટિવ, GEDA તથા માનદ ડિરેક્ટર, ટકાઉ ઉર્જા વિકલ્પ સંસ્થામાં જોડાયેલા છે.

બંને મહાનુભાવોનો ૪૦થી વધુ વર્ષોનો અનુભવ આ ફિલ્ડમાં છે, જેમના દ્વારા થિયરી અને પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવ્યું હતું. તેમણે ઉર્જા સંરક્ષણની ઉપરાંત પુનઃપ્રાપ્ય ઊર્જા જેવી કે સોલર, વિન્ડ વિગેરેની વિસ્તૃત જાણકારી આપી હતી.



ગુજરાત સરકારના આરોગ્યલક્ષી કાર્યક્રમ શાળા આરોગ્ય-રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળા ખાતે અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સેક્ટર-૨૯, ગાંધીનગર કોર્પોરેશનની આરબીસકે ટીમના ડૉ. નિકેશ પ્રજાપતિ, ડૉ. દિવ્યદા વ્યાસ, ફાર્માસિસ્ટ રોશનીબેન પ્રજાપતિ દ્વારા શાળાના ધોરણ-૧થી ૮ના ૨૧૩૨ જેટલા વિદ્યાર્થીઓની આરોગ્ય તપાસ કરવામાં આવી હતી. સંદર્ભ સેવાયોગ્ય બાળકોને સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હૉસ્પિટલ, ડીઈઆઈસી સૅન્ટર ખાતે રિફર કર્યા હતા.

ઉલ્લેખનીય છે કે ટીમ દ્વારા શાળાના પાણીના સ્રોતની ચકાસણી પણ કરવામાં આવી હતી.



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એસ. વી. ઈંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં ‘વેજીટેબલ ડે’ની ઉજવણી કરાઈ હતી. બાળકો વિવિધ પ્રકારના રિયલ શાકભાજી,ચાર્ટસ, બેનર્સ, શાકભાજીની ટ્રેન, શાકભાજીનું ખેતર, શાકભાજીની દુકાન લઈને અને ભીંડાનો મુગટ,વટાણાની ઝાંઝર-બ્રેસલેટ, ટીંડોળાનો હાર,રવૈયાની હેરપિન,ગાજર-કાકડીનો કમરપટ્ટો જેવા શાકભાજીના શણગાર સજીને ઉત્સાહભેર શાળામાં આવ્યા હતા.

# રમત-વિજ્ઞાન વિદ્યાશાખાનો એનએસએસ શિબિર પૂર્ણ



ગાંધીનગર, તા. ૩૧

શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, ગૂજરાત વિદ્યાપીઠ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા શિબિર ‘‘મહાત્મા ગાંધી અને ગ્રામ સ્વરાજ’’નું આયોજન જાખોરા ગામ મુકામે કરવામાં આવ્યું હતું. આ શિબિરના સમાપન સમારોહમાં અધ્યક્ષ તરીકે ગૂજરાત વિદ્યાપીઠના ડો. પ્રભુલાલ કાસુન્દ્રા અને મુખ્ય અતિથી તરીકે રમેશ ભાઈ પટેલ સંયોજક ગૌ સંવર્ધન કેન્દ્ર સાદરા ઉપસ્થિત રહ્યા હતા. અતિથિ વિશેષ તરીક ડો. અશોકભાઈ રાવલ અને ગામના સરપંચ કમલેશ ભાઈ પટેલ અને ડો. જગદીશચંદ્ર ગોઠી હાજર રહ્યા હતા. શિબિરનો અહેવાલ શિબિરના સંચાલક ડો. જગદીશચંદ્ર ગોઠીએ આપ્યો હતો.શિબિરના આયોજન અને સંચાલનમાં મુખ્ય મદદ સહાયની જવાબદારી તરીકે પ્રાથમિક શાળાના આચાર્ય રાજેશભાઈ પટેલે નિભાવી હતી. સમાપન કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું, આભારવિધિ ડો. જગદીશચંદ્ર સાવલિયાએ કરી હતી.





રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પુત્ર અને પિનાકી મેઘાણીના પિતા સ્વ. નાનકભાઈ ઝવેરચંદ મેઘાણીની ૮૮મી જન્મજયંતીએ ઝવેરચંદ મેઘાણીની કર્મભૂમિ રાણપુર સ્થિત લોકસંત ક્રાંતિકારી જૈન મુનિશ્રી સંતબાલજી પ્રેરિત અગ્રગણ્ય ખાદી સંસ્થા ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ ખાતે સ્મરણાંજલિ કાર્યકર્મ યોજાયો હતો. નવી પેઢી આપણાં ગૌરવવંતા સંસ્કૃતિ-સાહિત્ય-સંગીતની મહામૂલી વિરાસતથી પરિચિત-પ્રેરિત થાય તે આશયથી ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન અને ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ દ્વારા આ પ્રેરક આયોજન કરાયું હતું. ગાંધી-મૂલ્યો-વિચારોને વરેલા, આજીવન ખાદીધારી, સાદગીભર્યુ-સાત્વિક જીવન જીવનાર સ્વ. નાનકભાઈ મેઘાણી ઉત્તમ પુસ્તકો યુવા પેઢી સુધી પહોચે તે માટે આજીવન કાર્યશીલ રહ્યા હતા જે ખાસ ઉલ્લેખનીય છે.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકામાં સેવાકાર્યો



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના વસઈ તથા જેસીંગપુર ગામનાં ત્રણ ગંગાસ્વરૂપ બહેનોને મોટર સાથેનાં સીલાઈ મશીનોની ભેટ ધરવામાં આવી હતી. સાથે સીલાઈ માટે જરૂરી વસ્તુઓ પણ તેમને આપવામાં આવી હતી. ઉપરાંત બપોરે ભવાનપુર-૧, ૨ અને વાંટડામાં ગરમ સ્વેટર વિદ્યાર્થીઓને આપવામાં આવ્યાં હતાં. ગાયત્રી પરિવારના ઉપક્રમે સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલા વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો સમિતિ તરફથી એનાયત કરવામાં આવ્યાં હતાં. મોડાસા તાલુકાનાં સૂનોકટાંડા, વાંટડા અને છાત્રેશ્વરી સ્કૂલના ધોરણ-૫થી ૮ના વિદ્યાર્થીઓને આ ઉપક્રમ અંતર્ગત આવરી લેવામાં આવ્યા હતા. સંસ્થા તરફથી શ્રુતિ, પ્લક્ષા, યોગેશભાઈ અને મિલિન્દભાઈ આ સેવાકાર્યોમાં જોડાયા હતા.

## જન્મદિને વધામણી



પંઢરીનાથ શંકરરાવ જગતાપ
મહારાષ્ટ્ર સમાજ, સિસિકા સંગઠન મંત્રી, ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ




કેશવલાલ પી પરમાર
મો. ૯૭૨૬૬ ૩૬૮૯૫



ચંદ્રસિંહ આર બિહોલા
મો. ૯૪૨૬૨ ૮૨૮૨૧



મિનલ ભગદિવ ભટ્ટ
ફોન : ૨૩૨૪૩૨૫૩



જૈનીશ કે માજીરાણા



રેયાંશ નિસર્ગ શુક્લ
મો. ૮૦૦૦૦ ૪૧૮૦૭



શૌર્ય જે પટેલ
મો. ૯૪૨૭૩ ૬૮૫૦૩

## છગનભા રમતોત્સવમાં આર સી સ્કૂલ ઝળકી

ગાંધીનગર, તા. ૩૧

પ્રતિવર્ષની માફક આ વખતે પણ પૂજ્ય છગનભા વિજયપદ્મ રમતોત્સવની વાર્ષિક ઉજવણી કડી ખાતે કરવામાં આવી હતી, જેમાં શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલના કુલ ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. માધ્યમિક વિભાગના ૧૩ વિદ્યાર્થીઓ વિજયી બન્યા અને ઍથ્લેટિક્સ-ભાઈઓના વિભાગમાં તથા બૌદ્ધિક વિભાગમાં જનરલ ટ્રોફી જીતી હતી. ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૧૦ વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા. ઍથ્લેટિક્સ-બહેનોના વિભાગમાં અને બૌદ્ધિક વિભાગમાં જનરલ ટ્રોફી પ્રાપ્ત કરી હતી. આચાર્ય વિનોદભાઈ પટેલ અને સંયોજક વીણાબેન પટેલે વિદ્યાર્થીઓ, શિક્ષકોને આ વિજય બદલ અભિનંદન પાઠવ્યા હતા.